# અક્રમ યુથ

ઓક્ટોબર ૨૦૧૬ | ગુજરાતી    દાદા ભગવાન પરિવાર    ₹ ૧૨



# Contents


૦૪ | ભગવાન કેમ અમારી સાથે...

૦૬ | જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ

૦૮ | Karma Kafe

૧૦ | ખરેખર પુણ્યશાળી કોણ?

૧૨ | પુણ્ય કઈ રીતે ખર્ચવું

૧૪ | પુણ્યશાળીના પ્રકાર

૧૬ | જ્ઞાની વિથ યુથ

૧૭ | જીવનમાં કર્મની ખાતાવહી

૧૮ | દાદાશ્રીના પુસ્તકની ઝલક

૨૦ | સમાધાન આપણી મૂંઝવણોના

૨૧ | Fuzion

૨૨ | હિટોરી



તંત્રી
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૬
સળંગ અંક : ૪૨
ઓક્ટોબર ૨૦૧૬



સંપર્ક સૂત્ર :
જ્ઞાનીની છાયામાં,
ત્રિમંદિર સંકુલ, સીમંધર સિટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧, ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email: akramyouth@dadabhagwan.org
website: youth.dadabhagwan.org



**Printed & Published by**
**Dimple Mehta** on behalf of
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar

**Owned by**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr. RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj -
382421. Dist- Gandhinagar
કુલ ૨૪ પેજ કવર પેજ સાથે

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D/M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન' ના
નામે મોકલવો


**ઓનલાઈન સબસ્ક્રાઈબ કરવા માટે...**
store.dadabhagwan.org/akram-youth

You need to download
QR Code Scanner App
from Play store
or iTunes Store



Download free ebook / PDF versions of all Akram Youth issues by scanning this QR code

**Visit** http://youth.dadabhagwan.org/Gallery/Akram-Youth



# સંપાદકીય

આપણા ભારતમાં તો પાપ-પુણ્યની સમજ તો પા-પા પગલી માંડતો થાય ત્યારથી જ આપવામાં આવે છે. નાનું બાળક જીવડાં મારતું હોય તો માતા ફટાક કરીને તેના હાથ ઉપર થપ્પડ મારી દે છે ને ક્રોધ કરીને કહે છે 'ના મરાય, પાપ લાગે !' નાનપણથી બાળકને સાંભળવા મળે છે "ખોટું કરીશ તો પાપ લાગશે, આમ ન કરાય." ઘણી વખત માણસને દુઃખ પડે છે ત્યારે રડી ઊઠે છે, કહેશે, "મારા ક્યા ભવના પાપની સજા ભોગવું છું!" સારું બની જાય તો 'પુણ્યશાળી છે' કહેશે. આમ પાપ, પુણ્ય શબ્દ આપણા વ્યવહારમાં બોલવામાં સહેજે વપરાયા કરતા હોય છે.

ભારતમાં તો શું વિશ્વના તમામ લોકો પાપ-પુણ્યને સ્વીકારે છે અને તેમાંથી કઈ રીતે છૂટવું તેના ઉપાયો બતાવવામાં પણ આવ્યા છે.

પણ પાપ-પુણ્યની યથાર્થ વ્યાખ્યા શી ? યથાર્થ સમજ શી ? સાચા પુણ્યશાળી કોને કહેવાય ? શું પાપ-પુણ્યની બાદ બાકી થાય? કર્મોની બેલેન્સશીટ કેવી હોય? પાપકર્મ કરેલા હોય તો તેમાંથી છૂટવા શું કરવું... આવા બધાજ પ્રશ્નોનાં સમાધાન મેળવીએ આ અંકમાં...

- ડિમ્પલ મેહતા

# ભગવાન કેમ અમારી સાથે ભેદભાવ કરતા હશે?

સમીરભાઈ અને નયનભાઈ ૧૩ વર્ષથી એક જ દુકાનમાં સાથે જ જોવા મળે. નયનભાઈ એ દુકાનના માલિક અને સમીરભાઈ એમના ખાસ માણસ. ગમે તે સંજોગોમાં પણ સંપૂર્ણ વિશ્વાસને લાયક માણસ આ કાળમાં મળવો મુશ્કેલ છે પણ નયનભાઈ આ બાબતમાં ખૂબ નસીબદાર હતા. ઘરે પત્ની, બાળકો સાથે સુંદર મનમેળવાળો સંબંધ અને દુકાનમાં બધી જ જવાબદારી જેના માથા પર મૂકીને નિશ્ચિંત રહેવાય એવા સમીરભાઈ સાથે સગાભાઈથી પણ વધારે વિશ્વાસનો સંબંધ!

"સમીર, આજે રાતની ટ્રેનથી હું સંઘ સાથે પાલીતાણા જાત્રાએ જવાનો છું."

"સરસ, મારા વતી ભગવાનના દર્શન કરજો."

"હા, ચોક્કસ."

રાતે નયનભાઈને સ્ટેશન પર જ સમીરભાઈએ પોતાનું પર્સ ખોલી કહ્યું, "આ લો ૧૫૦૦ રૂપિયા જીવદયામાં લખાવતા આવજો."

"અરે, આ મહિને તારા ઘરમાં ભીડ છે તો રહેવા દે, હું લખાવી દઈશ. તું પછી આપજે."

"ના...ના...ભગવાનના કામમાં ઉધારી ના રખાય."

નયનભાઈ સમીરભાઈની ધર્મ અને જીવદયા માટેની ભાવના જોઇને મનોમન પ્રભાવિત થઈ ગયા.

"મારી દવા તો ભૂલી નથી ગયા ને?" જેવા સમીરભાઈ ઘરે પહોંચ્યા કે તરત તેમના પત્ની તૃપ્તિબેને ઊલટ/તપાસ કરી.

"અરે, આજે પૈસા પતી ગયા."

"કેમ? સવારે મેં તમને મારા બચાવેલા પૈસા આપ્યા હતા ને?"





"એ તો મેં જીવદયામાં લખાવી દીધા."

"તમે પણ કાયમ આમ જ..."તૃપ્તિબેન જીવદયાનું નામ સાંભળીને વધારે બોલતા અટકી ગયા.

"તું ચિંતા ના કર. નયનભાઈ પાછા આવે એટલે આ વખતે એડવાન્સ પગાર લઈ લઇશ."

૧૨ વર્ષની સમજદાર અને ચતુર એવી તેમની દીકરી નેહા આ સાંભળીને તરત જ બોલી ઊઠી. "મમ્મી, તું કાયમ પૈસા ભેગા કરે અને પપ્પા આમ જ ધર્મમાં લુટાવી દે છે."

"બેટા! પૈસા તો પાછા મળી જશે પણ ધર્મથી જ આપણે ઊજળા છીએ." સમીરભાઈએ પ્રેમથી તેને ટોકી.

સમીરભાઈ અને તૃપ્તિબેન બંનેની તબિયત મોટાભાગે નાજુક રહેતી હોવાથી તેમનો ઘણોખરો પગાર નેહાના ભણવા અને દવાઓમાં જ વપરાઈ જતો. ધર્મના, સેવાના કે જીવદયાના કામ માટે પોતે કરકસર વેઠીને પણ પૈસા ખર્ચી નાખનાર સમીરભાઈને તૃપ્તિબેનનો પણ સપોર્ટ મળી રહેતો.

"પપ્પા, પણ તમે મને ગયે મહિને પૈસા ન હતા એટલે સ્કૂલની પીકનીકમાં તો ના જવા દીધી."

"હા, બેટા એ વખતે તો થોડી તકલીફ હતી ને!"

"તમને ખબર છે ને કે મમ્મીને પણ સારું નથી રહેતું તો એની દવાના પૈસા તો જોઈશે ને?"

"હા, બેટા ભગવાન બધું બરાબર કરી દેશે." ક્યારેય સેવા-પૂજા કર્યા વગર ઘરની બહાર ના નીકળતા સમીરભાઈને તેમના ભગવાન પર પૂરો વિશ્વાસ હતો.

આર્થિક સંજોગો નબળા હોવાથી અને સાસરી પક્ષ તરફથી પહેલાં પડેલા દુઃખોને લઈને તૃપ્તિબેનને વર્ષોથી માનસિક ડીપ્રેશન હતું અને

તેથી તેઓ વારંવાર બીમાર પડી જતા. નેહાને પોતાના મમ્મી-પપ્પાની તકલીફો જોઈને હંમેશાં દુ:ખ રહેતું અને તેથી તે બીજા બાળકોની જેમ તેમની પાસે વધારે પડતી કોઈ ડીમાન્ડ ન હોતી કરતી.

"પપ્પા....હું મોટી થઈને ખૂબ પૈસા કમાઈશ એટલે પછી તમને જિંદગીમાં આવી કોઈ તકલીફો ના આવે."

નાનકડી નેહાની આ વાત સાંભળીને તૃપ્તિબેન અને સમીરભાઈની આંખોમાં હર્ષ અને જિંદગીની કઠિનાઈઓથી પડેલી પીડાના આંસુ એકસાથે આવી જતા.

થોડા દિવસો પછી નયનભાઈની દીકરીની ૧૦મી વર્ષગાંઠના નિમિત્તે એક હોટેલમાં બર્થ ડે પાર્ટી હતી ત્યાં સમીરભાઈ તેમના પરિવાર સાથે ગયા હતા.

"હેપી બર્થ ડે નાઈશા." નેહા એક ગીફ્ટ પેકેટ નાઈશાના હાથમાં આપતાં બોલી.

"થેંક યુ નેહા" નાઈશા નેહાનો હાથ પકડીને તેને પોતાની બધી બર્થ ડે ગીફટસ બતાવવા લઈ ગઈ.

"અરે વાહ ! તને તો આટલી બધી સરસ ગીફ્ટસ મળી છે. બારબી ડૉલ, પિયાનો, ગીટાર, વિડીયો ગેમ્સ..." નેહાએ આનંદ સાથે થોડી હતાશા પણ અનુભવી.

"પાર્ટીમાં મજા આવી તને?" ઘરે પાછા જતાં તૃપ્તિબેને નેહાને પૂછ્યું.

"હા, મમ્મી. પપ્પા કેમ આપણી સાથે ઘરે નથી આવતા?"

"એમને નયનભાઈએ દુકાને મોકલ્યા છે."

"પણ આજે તો રવિવાર છે ને?"

"હા, પણ કામ હોય તો જવું પડે ને?"

"મમ્મી... તમને ખબર છે આજે પાર્ટીમાં નયન અંકલ કોઈને કહેતા હતા કે મારી દુકાનનું બધું જ કામ સમીરભાઈ સંભાળે છે."

"હા, બેટા... નયનભાઈ જાત્રા અને સંઘના કામમાં ખૂબ વ્યસ્ત હોય છે ત્યારે દુકાનની બધી જવાબદારી તારા પપ્પાની હોય છે."

"જો આટલું બધું કામ પપ્પા જ કરે છે તો પછી ભગવાને પપ્પા કરતાં વધારે પૈસા એમને કેમ આપ્યા?"

"એ તો પોત પોતાનું નસીબ હોય ને."

"પપ્પા તો ભગવાનના કામમાં પૈસા આપવામાં કોઈ કંજૂસાઈ નથી કરતા તો પછી ભગવાન કેમ આપણને પૈસા ઓછા આપે છે?"

"એ તો મને ખબર નથી પણ આપણને ભગવાને નીતિ અને ધર્મના સંસ્કાર તો સારા આપ્યા છે ને?"

"ખાલી નીતિ અને સંસ્કારથી થોડી જિંદગી ચાલે છે પૈસા પણ જોઈશે ને?"

> **"આપણે જો બીજાનું સારું કરીશું, તો આપણું પણ બધું સારું જ થશે."**

નેહાના સવાલોના જવાબ આપતાં થાકી ચૂકેલા તૃપ્તિબેને તેને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો.

પણ નેહાને હજી પણ તેના સવાલોના જવાબ નહોતા મળ્યા તે થોડી અકળામણ અને થોડી ગૂંચવણ સાથે ચૂપચાપ મૌન થઈને બેસી રહી. મારા મમ્મી પપ્પા અને મારી સાથે ભગવાન કેમ ભેદભાવ કરતા હશે???

***ચાલો જોઈએ આ વિષે***

***દાદાશ્રી શું કહે છે ...***

# જ્ઞાનીની વૈજ્ઞાનિક દ્રષ્ટિએ




**સારું-ખોટું, પાપ-પુણ્યના આધારે !**

**દાદાશ્રી:** કોઈ ફેરા સંજોગો સારા આવે છે ખરા કે?

**પ્રશ્નકર્તા :** સારા ય આવે છે.

**દાદાશ્રી:** એ ખરાબ ને સારા સંજોગોને કોણ મોકલતું હશે ? આપણાં જ પુણ્ય ને પાપના આધારે સંજોગો ભેગા થાય છે. એવું છે, આ દુનિયાને કોઈ ચલાવનારો નથી. જો કોઈ ચલાવનાર હોત તો પાપ-પુણ્યની જરૂર નથી.

**પ્રશ્નકર્તા :** આ જગતને ચલાવનારા કોણ?

**દાદાશ્રી :** પુણ્ય ને પાપનું પરિણામ. પુણ્ય ને પાપનાં પરિણામથી આ જગત ચાલી રહ્યું છે. કોઈ ભગવાન ચલાવતા નથી. ભગવાન આમાં હાથ ઘાલતો નથી.

પાપ બે પ્રકારનાં ને પુણ્ય બે પ્રકારનાં :

(૧) પાપાનુબંધી પાપ : અત્યારે પાપ ભોગવે છે ને પાછો અનુબંધ પાપનો નવો બાંધે છે. કોઈને દુઃખ આપે છે ને પાછો ખુશ થાય છે.

(૨) પુણ્યાનુબંધી પાપ : પૂર્વના પાપને લીધે અત્યારે દુઃખ (પાપ) ભોગવે છે, પણ નીતિથી અને સારા સંસ્કારથી અનુબંધ પુણ્યનો બાંધે છે.

(૩) પાપાનુબંધી પુણ્ય : પૂર્વના પુણ્યથી આજે સુખ ભોગવે છે પણ ભયંકર પાપનો અનુબંધ બાંધે છે.

(૪) પુણ્યાનુબંધી પુણ્ય : પુણ્ય ભોગવે ને સાથે આત્મકલ્યાણ અર્થે અભ્યાસ-ક્રિયા કરે. પુણ્ય ભોગવે ને નવું પુણ્ય બાંધે જેથી અભ્યુદયથી મોક્ષફળ મળે.

problem

solution




# જીવન એક પડઘો



એક પહાડ પર ઊભા રહી તમે સામેના પહાડ તરફ બૂમ પાડો કે, “તું બબૂચક છે.”, તો શું થશે? તમને તમારા જ શબ્દોનો પડઘો સંભળાશે. તમને જે સાંભળવા મળે છે, એ તમને ના ગમતું હોય તો, “તું બહુ સરસ છે”, બોલો. તમારે જે સાંભળવું હોય એ બોલશો તો એ સાંભળવા મળશે. તમારે જે જોઈતું હોય એ આપો. આ કર્મના સિદ્ધાંત છે. કર્મ એટલે ક્રિયા. એની પ્રતિક્રિયા શું? ‘પડઘો’. બધી જ પ્રતિક્રિયા, ‘પડઘા’ની જેમ, તમે પહેલાં કરેલી ક્રિયાના જેવી જ હોય છે. કર્મનું ફળ, કર્મના જેવું જ આવે, અને આવે જ.



## ન્યૂટનનો સિદ્ધાંત

આ ન્યૂટને આપેલો સિદ્ધાંત છે, “દરેક ક્રિયા માટે સમાન અને વિરુદ્ધ પ્રતિક્રિયા હોય છે.” એમણે જે ક્રિયાઓને આવરી લઈને આ કહ્યું હતું. એ ઉપરાંત બીજી ક્રિયાઓને પણ આ લાગુ પડે છે, જેમ કે કર્મ. કર્મનો સિદ્ધાંત પણ આવો જ છે.

# જીવનની રમત બૂમરેન્ગ



આ જ રીતે, જીવનની રમત બૂમરેન્ગની રમત જેવી છે. તમારા કાર્યો, શબ્દો અને વિચારો, અદ્‌ભુત ચોકસાઈપૂર્વક, વહેલા કે મોડા, તમને પાછા મળશે.

તમને વિચાર આવતો હશે કે, “મેં ગયા જન્મમાં જે કર્યું હતું એના પરિણામે મારે આ જન્મમાં કેમ કાંઈ ભોગવવું પડે? આટલું મોડું કેમ?”

અલગ અલગ પ્રકારના બીજને અંકુરિત થવા માટે અને ફળ આપવા માટે અલગ અલગ સમય લાગે છે. અનાજના દાણા વાવ્યા પછી એની પર ડૂંડા આવતાં ૩ મહિના થાય, તો કોઈ ફળોના ઝાડ પર ફળ આવતાં ૫ વર્ષ થાય તો કોઈ ફળ માટે ૨૦ વર્ષ થાય. આપણી દરેક ક્રિયા બીજ રોપ્યા બરોબર છે અને એમાંથી ફળ આવશે જ. એમાંથી છટકવું અશક્ય છે. કોઈ કહે કે, “મને આ ફળ નથી ભાવતું, મારે નથી જોઈતું.” તો નહીં ચાલે. જબરજસ્તી એ ફળ ખાવું જ પડશે, ઉપર કાંટા હશે તો પણ. માત્ર કર્મબીજ (એક્શન) ના આધારે કર્મબીજ (રિએક્શન) આવવાનો સમય બદલાય છે, પણ દરેક એકશનનું રિએકશન તો આવે જ.

હકીકતમાં એક્સીડન્ટ (અકસ્માત) જેવી કોઈ વસ્તુ જ નથી. આપણી સાથે જે કાંઈ પણ બને છે એ “કોઝ” અને “ઈફેક્ટ” ના કારણે બને છે, આકસ્મિક રીતે નહીં

# ખરેખર પુણ્યશાળી કોણ?

## તમારા હિસાબે આ બધામાંથી કોણ સૌથી વધારે પુણ્યશાળી છે ? અને કેમ?

A મધ્યમવર્ગ કુટુંબમાંથી આવે છે. વ્યવસાયે તે શિક્ષક છે. એ કોઈ પણ પ્રકારના કુસંગમાં પડ્યો નથી તેથી સમાજ એને ખૂબ માન આપે છે.

B એ રાજકારણી છે અને બધા જ પ્રકારનો વૈભવ ભોગવે છે, ૨-૩ બંગલા, એક જેગુઆર, એક બીએમડબ્લ્યુ, અને બે હિસાબ દોલત. પણ આટલું હોવા છતાં ય તે વધારે પૈસા કમાવા ભ્રષ્ટાચારમાં રચેલો રહે છે.

C એ ભારતની એક નામાંકિત કંપનીના CEO છે. એમની માસિક આવક ૧૦ કરોડ છે. પણ એ દારૂડિયો છે, ચેન સ્મોકર છે, અને એને ઘણા લગ્નેત્તર સંબંધો છે, અને એનું જીવન ગૂંચવાડા ભર્યું છે.

D શ્રીમંત કુટુંબમાંથી આવે છે. તે ડોક્ટર છે, તે નિયમિત સત્સંગમાં જાય છે અને જ્ઞાનીપુરુષની બધી આજ્ઞા પાળે છે. તે રોજ નક્કી કરે છે કે કોઈને દુઃખ નથી આપવું.

E એ એવી વ્યક્તિ છે જે રોબિન હુડથી ખૂબ પ્રભાવિત છે અને એના જ રસ્તે ચાલે છે. એ શ્રીમંતોને લૂંટે છે અને પછી બધું જ ગરીબોમાં વહેંચી દે છે.

*ચાલો જોઈએ આ વિષે*
***દાદાશ્રી શું કહે છે ...***

**Email** - akramyouth@dadabhagwan.org
**Facebook** - http://facebook.com/akramyouth.mag
**Twitter** - @AkramYouth



# આ દુનિયામાં મોટામાં મોટો પુણ્યશાળી કોણ?

**દાદાશ્રી :** જેને કુસંગ ના અડે. જેને પાપ કરતાં બીક લાગે છે, એ મોટું જ્ઞાન કહેવાય !

કુસંગથી પાપ બંધાય અને પછી પાપ કૈડે. આ નવરો પડે ને કોઇ કુસંગ મળી જાય તે પછી કુસંગથી કૂથલી વધે અને કૂથલીના ડાઘા પડી જાય. આ બધાં દુ:ખો છે તે એનાં જ છે. આપણને કોઇનું ય બોલવાનો અધિકાર શો છે ? આપણે આપણું જોવાનું. કોઇ દુ:ખી હોય કે સુખી, પણ આપણને એની સાથે શી લેવાદેવા ? આ તો રાજા હોય તો ય તેની કૂથલી કરે. પોતાને કશું જ લાગે-વળગે નહીં એવી પારકી વાત ! ઉપરથી દ્વેષ અને ઈર્ષા અને તેનાં જ દુ:ખો છે. ભગવાન શું કહે છે કે વીતરાગ થઇ જા. તું છે જ વીતરાગ, આ રાગ-દ્વેષ શાને માટે? તું નામમાં પડીશ તો રાગ-દ્વેષ છે ને ? અને અનામી થઇ જઇશ તો વીતરાગ થઇ ગયો!

# પુણ્ય કઈ રીતે ખર્ચવું?

**પ્રશ્નકર્તા :** આપે કહ્યું કે તમારી ડિઝાઈન પ્રમાણે આ બધું તમને મળ્યું છે. તો એ ડિઝાઈન શું છે એ જરા સમજાવો.

**દાદાશ્રી :** ડિઝાઈન એટલે તમારા બુદ્ધિના જે આશય હોય ને કે મારે આવું જોઈએ, આવું જોઈએ, આ ના જોઈએ મારે. એ જે જોઈએ છે ને, એ બધું ટેન્ડર લાવ્યા છો. એમાં તમારું પુણ્ય બધું ખર્ચાઈ જાય.

## દાદાએ તેમના પુણ્ય ખર્ચવા માટેના છેલ્લા ભાવો આ રીતે કરેલા



એક ભાઈ હતા ને, એમણે મને પૂછ્યું, ‘દાદાજી! તમે એવું શું લાવ્યા કે આ બધું જ તમને તમારી ઈચ્છા પ્રમાણે અનુકૂળ રહે છે, સત્સંગ કરી શકો છો, ઈચ્છા પ્રમાણે ધર્મ કરી શકો છો, ઈચ્છા પ્રમાણે બધું કરો છો.’ ત્યાર પછી મેં એને સમજ પાડી કે બીજાએ શું ભૂલ કરી છે. મેં કહ્યું, ‘ભૂલમાં જો, તેં ટેન્ડર ભરતી વખતે મારે વાઈફ આવી જોઈશે, બે છોકરાં જોઈશે, છોડી જોઈશે, બંગલો જોઈશે, ગાડી જોઈશે, બધું લખાવ્યું અને પછી દસ-પંદર ટકા બાકી રહ્યા. તે તેં કહ્યું કે ધર્મ ખાતે લખી નાખો. અને મેં તો પાંચ ટકા આમાં રહેવા દીધા અને પંચાણું ટકા આ ધર્મમાં નાખ્યા !

# તમે તમારું પુણ્ય કઈ રીતે ખર્ચવા માંગો છો?

એક ચાર્ટ બનાવો અને તેને પોતાનું જીવનધ્યેય બનાવી તમારા નોટિસ બોર્ડ પર એવી રીતે લગાડો કે જેથી તમે તેને દરરોજ જોઈ શકો.

બાજુમાં આપેલ પુણ્ય ખર્ચ કરી શકાતી વસ્તુઓં માટે તમારે પોતાના પુણ્યના કેટલા ટકા વાપરવા છે તે લખો.

- આધ્યાત્મિકતા
- સંસ્કારી માતા-પિતા
- એક સારા ગુરુ
- પૈસા, વૈભવી જીવન
- પતિ / પત્ની
- બાળકો (કેટલાં)

ઉપરના ટેબલમાં, જેટલા ટકા તમે દરેક વસ્તુને આપ્યા હોય,એટલા ખાના અલગ અલગ રંગથી ભરો. આ ચાર્ટ તમારા આવતા ભવની પુણ્યની વહેંચણી છે.

# આ જગતમાં વધુમાં વધુ પુણ્યશાળી કોણ ?



**નંબર ૧ પુણ્યશાળી**

દાદાશ્રી: જેને સહેજ વિચાર આવે તે નક્કી કરે ને વરસો ને વરસો સુધી વગર ઈચ્છાએ વગર મહેનતે મળ્યા જ કરે તે.

દા.ત. ચાલો, યશ ચોપરાને મળીએ જે ઉધોગપતિ મિ.રમેશ ચોપરાના દીકરા છે. એવું કહેવાય છે કે તે મોંઢામાં ચાંદીના ચમચા સાથે જ જન્મ્યા હતા. કંઈ પણ માંગતા પહેલાં જ તેના પિતા તેની માંગણી પૂરી કરી દેતા. તેની ૧૫મી વર્ષગાંઠે તેને ડ્રાઈવર સહિતની મર્સીડીસ ગાડી ભેટમાં મળી હતી... હવે, આ પુણ્ય છે...

**નંબર ૨ પુણ્યશાળી**

દાદાશ્રી: બીજા નંબરમાં ઈચ્છા થાય ને ફરી ફરી નક્કી કરે ને સાંજે સહજ રીતે મળે તે.

**નંબર ૩ પુણ્યશાળી**

ત્રીજા નંબરનાને ઈચ્છા થાય ને પ્રયત્ન કરે ને પ્રાપ્ત થાય.

**નંબર ૪ પુણ્યશાળી**

ચોથા નંબરનાને ઈચ્છા થાય ને ભયંકર પ્રયત્ને પ્રાપ્ત થાય.

**નંબર ૫ પુણ્યશાળી**

પાંચમાને ઈચ્છા થાય ને ભયંકર પ્રયત્ને પણ પ્રાપ્ત ના થાય.

દા.ત. આ મજૂરોને કઠોર મહેનત કરવી પડે ને ઉપરથી ગાળો ખાય છતાં પૈસા ન મળે. મળે તોય ઠેકાણું નહીં કે ઘરે જઈને ખાવાનું મળશે. તેઓ સૌથી વધારે પ્રયત્ન કરે છે, છતાં નથી પામતા.

# ઈચ્છા + કેટલા પ્રયત્નો = પુણ્યશાળીના પ્રકાર

- જેટલા વધારે પ્રયત્ન કરવો પડે, એટલું ઓછું પુણ્ય.
- જેટલા ઓછો પ્રયત્ન કરવો પડે, એટલું વધારે પુણ્ય.
- આપણને નથી ખબર કે આપણે કેટલું પુણ્ય લઈને આવ્યા છીએ.
  પણ, આપણા હાથમાં એક જ વસ્તુ છે, પ્રયત્ન (પુરુષાર્થ).

**કૃષ્ણ ભગવાને પણ કહ્યું છે... કર્મ કર, ફળની ચિંતા ના કર..**



# જ્ઞાની વિથ યુથ

**નીરૂમા :** ભગવાન મહાવીર જોડે ગોશાળો કરીને શિષ્ય હતો, તે ભગવાને શીખવાડેલી તેજોલેશ્યા કે જેમાં જે મોટા બોમ્બ જેટલો પાવર હોય. એ ભગવાનના બે શિષ્યો પર નાંખે છે અને બે શિષ્યો મરી જાય છે. પછી ભગવાન પર નાંખે છે. ભગવાનને કશી અસર થતી નથી. એ જ્વાળા ગોશાળા પર પાછી પડે છે. એની બોડીમાં અગન થાય છે, ભગવાને કહ્યું કે, 'સાતમે દિવસે તારું મૃત્યુ થશે, તું ચેતજે.' પછી એને ખૂબ પશ્ચાતાપ થાય છે, "મેં આ શું કર્યું ? મારા જ પાપથી આ ભોગવવાનું આવ્યું છે." એણે બધા શિષ્યોને ભેગા કરીને કહ્યું, "હું ખોટો હતો પણ મહાવીર સાચા હતા."

હું મરી જાઉં પછી મહાવીર પાસે જજો, એમને ભગવાન તરીકે સ્વીકારજો. હું તો સાવ ખોટાડો છું, મારા મર્યા પછી મારા મડદા પર થૂંકજો અને ગીધડાં ને આપી દેજો. આટલો બધો પાવરફૂલ પશ્ચાતાપ કરે છે, એનું પરિણામ શું આવે છે ? એ મરી ગયા પછી ભગવાન મહાવીરને ગૌતમસ્વામી પૂછે છે કે, 'તેની (ગોશાળાની) કઈ ગતિ થાય?' ભગવાન મહાવીર કહે છે... 'એની દેવગતિ થાય છે. એણે છેલ્લા દિવસે ખૂબ પશ્ચાતાપ કર્યો એટલે એ છૂટી ગયો. સારી કે ખોટી રીતે ભગવાન સાથે જોડાયેલો હતો. માટે તે મોક્ષે જવાનો જ.' બોલો આ સાચા દિલનાં પ્રતિક્રમણમાં કેટલો પાવર છે કે ગમે તેવા કરેલા પાપો ને પણ ભસ્મીભૂત કરી નાખે છે.

# જીવનમાં કર્મની ખાતાવહી

| દુ:ખ | | | સુખ | | |
|---|---|---|---|---|---|
| ક્રમાંક | કાર્ય | દુ:ખી થયેલાં લોકોની સંખ્યા | ક્રમાંક | કાર્ય | ખુશ કરેલાં લોકોની સંખ્યા |
| ૧ | બીજાને દુ:ખી કરીને. | ૧૦ | ૧ | બીજાને સુખ કરીને. | ૧૫ |
| ૨ | જીવોની હત્યા કરીને. | ૬ | ૨ | સેવા કરીને. | ૬ |
| ૩ | સિગારેટ-બીડી જેવી વસ્તુઓનું સેવન કરીને. | ૮ | ૩ | એડજસ્ટમેન્ટ લઈને. | ૪ |
| ૪ | દારૂનું સેવન કરીને. | ૫ | ૪ | બીજાને જમાડીને. | ૫ |
| ૫ | પીઠ પાછળ નિંદા કરીને. | ૭ | ૫ | સત્સંગમાં જઈને. | ૭ |
| ૬ | કુસંગમાં રહીને. | ૯ | ૬ | ચિંતા ન કરીને. | ૮ |
| ૭ | ક્રૂર અને હિંસકવર્તાવ કરીને. | ૫ | ૭ | બીજાનો વિનય રાખીને. | ૭ |
| | | ૫૦ | | | ૫૭ |

માન્યતા

| | | | |
|---|---|---|---|
| દુ:ખી થયેલાં લોકોની સંખ્યા | = | ખુશ કરેલાં લોકોની સંખ્યા | પુર્નજન્મ, મનુષ્યગતિ |
| દુ:ખી થયેલાં લોકોની સંખ્યા | < | ખુશ કરેલાં લોકોની સંખ્યા | પુર્નજન્મ, દેવગતિ / સ્વર્ગમાં |
| દુ:ખી થયેલાં લોકોની સંખ્યા | > | ખુશ કરેલાં લોકોની સંખ્યા | પુર્નજન્મ, જાનવરગતિ કે નર્કગતિ |

કર્મો (પાપ અને પુણ્ય) તેલ અને પાણી જેવાં છે, જેનું મિક્ષ્ચર નથી થતું.

પાપ-પુણ્યની બાદબાકી નથી થતી. બંને અલગ અલગ ભોગવવા જ પડે છે.

અહીં ૫૦ વ્યક્તિને દુ:ખ આપ્યું એનું ફળ અલગ ભોગવવાનું અને ૫૭ વ્યક્તિને સુખ આપ્યું એનું ફળ અલગ ભોગવવાનું.




# દાદાશ્રીના પુસ્તકની ઝલક

**નો'તી બાદબાકી પાપની કદી !**

પ્રશ્નકર્તા : આ માર્ગ ના મળે ત્યાં સુધી તો એ પુણ્યની જરૂર છે ને ?

દાદાશ્રી : હા, એ બરાબર છે. પણ લોકોની પાસે પુણ્યૈ ક્યાં સાબૂત છે ? કશું જ ઠેકાણું નથી. કારણ કે તમારી શી ઈચ્છા છે ? ત્યારે કહે કે પુણ્ય કરું તો પાપનો ઉદય ના આવે. ત્યારે ભગવાન શું કહે છે? તેં સો રૂપિયાનું પુણ્ય બાંધ્યું, તો તારે ખાતે સો રૂપિયા જમા થાય. ત્યાર પછી બે રૂપિયા જેટલું પાપ કર્યું એટલે કે કોઈ માણસને 'હટ, હટ, આઘો ખસ' એવું કહ્યું, તેમાં સહેજ તિરસ્કાર આવી ગયો. હવે આનું જમે-ઉધાર ના થાય. ભગવાન કંઈ કાચી માયા નથી. જો પુણ્ય-પાપનું જમે-ઉધાર થતું હોત તો તો આ વણિક કોમને ત્યાં સહેજે દુઃખ ના હોત ! પણ આ તો સુખેય ભોગવો ને દુઃખેય ભોગવો, કેવા પાકા ભગવાન !

પ્રશ્નકર્તા : પુણ્યને રસ્તે માણસ જો જાય તો પછી પાપ શું કરવા આવે ?

દાદાશ્રી : એ તો હંમેશાં કાયદો એનો છેને, કે કોઈ પણ કાર્ય તમે કરો તો પુણ્યનું કાર્ય હોય તો તમારા સો રૂપિયા જમા થાય અને પાપનું કાર્ય હોય તો ભલે થોડુંક જ, એક જ રૂપિયાનું હોય તો પણ એ તમારા ખાતે ઉધારીમાં જાય છે અને એ સોમાંથી એક બાદ નથી થતું. એવું જો બાદ થતું હોત તો કોઈ પાપ લાગત જ નહીં. એટલે બંને જુદે જુદું રહે છે અને બંનેનાં ફળ પણ જુદાં જુદાં આવે છે. પાપનું ફળ આવે ત્યારે કડવું લાગે.

પુણ્યમાંથી પાપ એવાં નથી બાદ થતાં. જો બાદ કરતાં હોય તો તો લોકો તો બહુ જ ચોક્કસ. બિલકુલેય દુઃખ ના આવે. એકુય છોકરો મરી જાય નહીં કે છોડી મરી જાય નહીં. નોકર ચોરી ના કરે. કશું જ ના કરે, મજા હોય. આ તો પુણ્ય ફરી વળેને તો મોટરોમાં મોજશોખ કરવાનું ય આપે છે, પછી પાપ ફરી વળે ત્યારે એ જ મોટરો એક્સિડન્ટ કરાવે. આ તો બધું ફરી વળશે. મહીં હશે એટલો સામાન ફરી વળશે. નહીં હોય તો ક્યાંથી ફરી વળે ? જે છે એ હિસાબ છે. એમાં કશું ફેરફાર નહીં થાય.



Download free PDF version
of Book by scanning this QR code
https://goo.gl/tLMoVR




# સમાધાન આપણી મૂંઝવણોના

પ્રશ્નકર્તા: કેટલાક કહે છે કે અજાણતાં પાપ થાય તો તેનું ફળ કંઈ ના આવે. તે વાત સાચી છે?

આપ્તપુત્ર: ના કેમ આવે ? અજાણતાથી દેવતા ઉપર પગ મૂકે ત્યારે ખબર પડે કે ફળ આવે છે કે નહીં ? જાણીને કરેલું પાપ અને અજાણતાથી કરેલું પાપ એ બન્ને સરખાં છે. પરંતુ અજાણતાથી કરેલા પાપનું ફળ અજાણતામાં અને જાણીને કરેલા પાપનું ફળ જાણીને ભોગવવું પડે એટલો ફેર.

દા.ત. બે ભાઈઓ છે. એક સોળ વરસનો અને એક બે વરસનો. તેમની મા મરી ગઈ. તે પાપનું ફળ બન્નેને ભોગવવાનું આવ્યું. પણ મોટાને જાણીને ભોગવવું પડ્યું ને નાનાને અજાણતામાં ભોગવાઈ ગયું !

પુણ્ય પણ અજાણથી થાય છે. દા.ત. તમે દુકાનમાંથી ચાર કલાક લાઈનમાં ઊભા રહીને સાકર ઘરે લઈ જાઓ છો. તે થેલીને સહેજ કાણું હોય તો સાકર વેરાતી વેરાતી જાય. તે કીડીઓનું ભલું થઈ જાય, તે અજાણતાનું પુણ્ય. તેનું ફળ પણ અજાણતામાં ભોગવાઈ જાય.




આખા ભારત દેશના બધાં **YMHT** સેન્ટરોના યુવાનો ભેગાં થાય એ હેતુથી દિવાળીના શુભ પર્વે સીમંધર સીટી, અડાલજમાં ફ્યુઝન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ ત્રણ દિવસના ફ્યુઝનમાં હજારેક યુવાનો અને યુવતીઓ ભાગ લે છે અને અઢળક સ્થિરતા, અંતઃસ્કરણની શાંતિ અને આધ્યાત્મિક પ્રગતિનો અનુભવ કરે છે.

પૂજ્યશ્રી દીપકભાઇના શબ્દોમાં - 'ફ્યુઝન', જીવનના કંફ્યુઝન (ગૂંચવણો) ને દૂર કરવા માટે.

આ શિબિરની અગત્યની હાઇ-લાઇટ્સ

૧. પ્રત્યક્ષ જ્ઞાની પુરુષ પૂજ્યશ્રી દીપકભાઇના નવા વર્ષનાં દિવસે દર્શન. એમની સાથે સત્સંગ પણ.

૨. આપ્તપુત્ર ભાઈઓ અને આપ્તપુત્રી બહેનો સાથે સત્સંગ.

૩. અગત્યનાં અને રસપ્રદ સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક કે વ્યાવસાયિક વિષયો પર અલગ અલગ માધ્યમો દ્વારા રજૂઆત, જેમ કે, રોલ પ્લે, સ્કિટ, એકાંકી, નૃત્ય, સંગીતવાદન, પ્રદર્શન, પહેલાં પાડેલો વીડિયો, એનિમેશન મુવી, ડેમોંસ્ટ્રેશન, પ્રેઝંટેશન, ગ્રુપ ડિસ્કશન વગેરે.

૪. 'ફન-ઝોન'માં કળા, હાસ્ય, વગેરેને આવરી લેતા, મગજને કસવા માટેના મુદ્દાઓ ઉપરથી નિર્દોષ આનંદ (બીજા કોઇને દુઃખી કર્યા વગર), જેમાં યુવાનોમાં છુપાઇ રહેલી આવડત અને સર્જનાત્મક શક્તિ ખીલે.





**ફ્યુઝન ૨૦૧૬ માટે રજીસ્ટ્રેશન ચાલુ છે.**

| | | |
|---|---|---|
| ફ્યુઝન માટે ફી | ૫૦૦/- | ૫૦૦/- |
| ઉંમર (૧૩ થી ૨૧ વર્ષ) | યુવાનો માટે | યુવતીઓ માટે |
| ફ્યુઝન ની તારીખો | ૧, ૨ અને ૩ નવેમ્બર ૨૦૧૬ | ૨૬, ૨૭ અને ૨૮ ઑક્ટોબર ૨૦૧૬ |

To Register, Contact: 8155007480. https://tinyurl.com/fuzion2016

# હિટોરી

બધી ઉંમરનાં અને વિવિધ ક્ષમતાવાળા કોયડા ઉકેલવાના શોખીનોને “હિટોરી પઝલ”થી સતત બૌદ્ધિક મનોરંજન અને મજા મળતી રહે છે. આમાં માત્ર તર્ક શક્તિનો જ ઉપયોગ કરવાનો હોય છે, ગણિતની ગણતરીઓનો નહીં.

હિટોરી પઝલ્સ જુદા જુદા માપમાં આવે છે, જેમાં એકદમ સહેલાથી માંડીને ઘણાં અઘરા પ્રકારના કોયડાઓ હોય છે. સહેલા કોયડાઓ પાંચ મિનિટમાં પૂરા કરી શકાય તો અઘરામાં કલાકો લાગે. જો તમારી એક ભૂલ થાય તો તમે કોયડો પતવા આવે, ત્યારે અટકી જાવ, આગળ ના વધી શકો.

હિટોરી પઝલમાં ખાનાઓવાળું ચોરસ હોય છે, અને દરેક ખાનામાં એક નંબર (આંક) લખેલો હોય છે. આ પઝલનો હેતુ અમુક ખાનાઓને કાળા કરવાનો છે. ખાનાઓને કાળા કરવા માટે દર્શાવેલા નિયમોને ધ્યાનમાં રાખવા જરૂરી છે.

## નિયમો

- દરેક ઊભા અને આડા ખાનાઓમાં કોઈ પણ નંબર એકથી વધારે વાર હોવો ના જોઈએ.
- કાળા કરેલા ખાના એકબીજાને આડી કે ઊભી દિશામાં અડેલા ન હોવા જોઈએ.
- પઝલનો ઉકેલ મળે ત્યારે કાળા નહીં કરેલા એવાં સફેદ ખાનાઓથી એક સળંગ, મોટું, સફેદ ખાનું બનવું જોઈએ.

ઉદાહરણ

| | | | |
|---|---|---|---|
| 4 | 2 | 4 | 3 |
| 4 | 1 | 1 | 2 |
| 3 | 1 | 2 | 1 |
| 4 | 3 | 1 | 3 |

## Puzzle A

| | | | |
|---|---|---|---|
| 2 | 2 | 2 | 4 |
| 1 | 4 | 2 | 3 |
| 2 | 3 | 2 | 1 |
| 3 | 4 | 1 | 2 |

સાચા જવાબ માટે

https://goo.gl/rQNwyN

## Puzzle B

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | 6 | 2 | 6 | 5 | 6 |
| 5 | 1 | 3 | 6 | 2 | 2 |
| 5 | 6 | 1 | 6 | 4 | 3 |
| 6 | 2 | 6 | 5 | 1 | 5 |
| 1 | 1 | 4 | 1 | 3 | 5 |
| 3 | 3 | 5 | 2 | 6 | 5 |

## Puzzle C

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 5 | 2 | 8 | 8 | 3 | 4 | 7 | 1 |
| 2 | 1 | 6 | 4 | 6 | 5 | 5 | 7 |
| 8 | 4 | 5 | 4 | 7 | 3 | 4 | 1 |
| 3 | 4 | 4 | 6 | 6 | 2 | 3 | 8 |
| 6 | 2 | 7 | 2 | 1 | 4 | 8 | 3 |
| 1 | 6 | 6 | 3 | 8 | 7 | 5 | 2 |
| 5 | 3 | 1 | 4 | 4 | 2 | 6 | 3 |
| 4 | 5 | 8 | 7 | 8 | 1 | 3 | 4 |

ઓક્ટોબર ૨૦૧૬
વર્ષ-૪, અંક-૬
સળંગ અંક-૪૨

**અક્રમ યુથ**

Date of Publication: 22nd of Every Month
RNI No. GUJGUJ/2013/53113
Reg. No. G-GNR-310/2014-2016
Valid up to 31-12-2016
LPWP Licence No. CPMG/120/2014
Valid up to 31-12-2016
Posted at Adalaj Post Office
on 22th of every month




# Monthly Youth Magazine SUBSCRIPTION OFFER

Offer Valid till 31st December 2016.

52% OFF

**Five Years Offer**

~~Original Price : 625~~

★★★★

You Pay : 300

**ONE Years Offer**

~~Original Price : 125~~

★★★★

You Pay 75

40% OFF

## Akram Youth Subscription Form

Full Name : ____________________

Address : ____________________

City : __________ State : __________ Country : __________

Pincode : __________ Phone : __________

E-Mail : __________ Date of Birth : __/__/____ (dd/mm/yyyy)

Gujarati ☐ English ☐

| | | | |
|---|---|---|---|
| 1 Year | ₹ ~~125~~ | ₹ 75 | ☐ |
| 5 Year | ₹ ~~500~~ | ₹ 300 | ☐ |

D.D/M.O. should be in favour of **'Mahavideh Foundation'**, payable at Ahmedabad.

Please enclose payment or pay by credit card online at : store.dadabhagwan.org/akram-youth

Send this form and enclosed payment to

**Akram Youth**
'Dada Darshan', 5, Mamta Park Society, B/h. Navgujarat college, Usmanpura, Ahmedabad - 380 014, Gujarat, India.

We would love to hear from you.
Send us your feedback and suggestions.
Email: **akramyouth@dadabhagwan.org**

**આપના પ્રતિભાવ કે સૂચન** akramyouth@dadabhagwan.org **પર જરૂર આપશો.**
માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઓફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.

Dada's Youth Network